# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૪મું

VOLUME : 21 • ISSUE : 21 • PAGES : 44 • MUMBAI • DATE : 5TH JUNE 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ















# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ



# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ


























# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ























**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અંક નં. ૨૧**
**Date : 05-06-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

## તંત્રી સ્થાનેથી

પ્રકાશ સમીક્ષાના ૫ મે ના અંકમાં પ્રકાશિત મારા તંત્રીલેખ 'આપવાનો આનંદ' ને વાંચીને અનેક વાચકોએ ફોન-મેસેજ દ્વારા પોતાના પ્રતિભાવ દર્શાવ્યા તે બદલ તેમનો સૌનો આભાર. વાચકોએ આપેલા પ્રતિભાવો મને સારાં તંત્રીલેખો લખવા માટે પ્રેરક બની રહેશે. હું 'આપવાનો આનંદ' એ વિષયને આગળ વધારું છું.

તાજેતરમાં નવજીવન નેચર ક્યોર સેન્ટર-કચ્છ ખાતે વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા અંધેરી-મુંબઈમાં રહેતા કે.વી.ઓ. સમાજના સીએ દિલીપભાઈ હરિયા સાથે મારી મુલાકાત થઈ. તેમણે જણાવ્યું કે તેઓ ધાર્મિક કાર્યોમાં દાન કે સહયોગ કરવાને બદલે પોતાના કર્મચારીઓને મદદરૂપ થવાનું વધુ પસંદ કરે છે. શિયાળામાં બધા કર્મચારીને ૩ વખત ખજૂર, ચીક્કી તથા કેરીની સીઝનમાં કેરીઓ આપે છે. તે ઉપરાંત તેમણે તેમના સ્ટાફના ૬ સભ્યોને ડોંબિવલીમાં ઘર લેવા માટે સહાયતા કરી છે તથા રૂા. ૨.૬૭ લાખની સરકારી સહાયતા તથા બેંક લોન મેળવી આપવા પણ મદદરૂપ થયા છે. આપણામાંથી કેટલા જણ પોતાના કર્મચારીઓને આવી રીતે સહાયરૂપ થઈએ છીએ?

જો કે મોટાં ઉદ્યોગગૃહો પોતાના કર્મચારીઓને અનેક રીતે મદદરૂપ થાય છે પરંતુ વ્યક્તિગત રીતે બહુ ઓછા લોકો પોતાના કર્મચારીઓને નિયમિત રીતે તથા વિશેષરૂપે સહાયક થાય છે.

'આપવાનો આનંદ' એ ખરેખર એક અલગ બાબત છે. ક્યારેક કોઈકને કશુંક નિઃસ્વાર્થભાવથી આપીને જોજો ખૂબ જ સંતોષની અનૂભૂતિ થશે. રસ્તે ચાલતા ચાલતા કોઈક ભૂખ્યો માણસ નજરે પડે તો ઘડીક સમય કાઢીને દસ-વીસ રૂપિયા ખર્ચીને એને ખવડાવજો જેનાથી પણ તમને ફાઈવસ્ટાર હોટલમાં જમવાનો આનંદ થશે. 'આપવાનો આનંદ' અંગે વાત કરીએ છીએ ત્યારે તમે સમય, પ્રેમ, માર્ગદર્શન, જ્ઞાન, પીઠબળ તથા દિશા સૂચન જેવી અનેક બાબતો અન્યને આપી શકો છો.

હું લોખંડવાલા અંધેરી રહેતી એક વ્યક્તિને (જે પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે) જાણું છું જેઓ પોતાના દિવ્યાંગ ભાઈ માટે ૨૦ વરસથી એકલા મુંબઈ રહે છે. તેમના પત્ની તથા બાળકો વિદેશમાં વસે છે. તેમના પત્ની મલ્ટીનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર વિદેશમાં કાર્યરત છે. એટલે આ ભાઈ પરિવારજનોને મળવા વરસમાં અનુકુળતા પ્રમાણે તેમની પાસે જાય છે. તેમણે પોતાના દિવ્યાંગ ભાઈની સતત સંભાળ લેવા માટે પોતાના પરિવારસુખનું બલિદાન આપ્યું છે. આપણામાંથી કેટલા જણ આવું કરી શકે?

આપણી જ્ઞાતિના અનેક આગેવાનોએ આપણને કંઈક ને કંઈક આપ્યું છે. તેઓએ આપણાંમાંથી અનેકના વડીલોને કચ્છથી મુંબઈ લાવ્યા અને તેમને સ્થાયી થવા મદદરૂપ બન્યા. તેમણે શિક્ષણ પ્રાપ્તિ માટે વ્યવસ્થા ઉભી કરી. ધર્મધ્યાન માટે દેરાસરોનું - પાઠશાળાઓનું નિર્માણ કર્યું. આ બધાના કારણે આજે આપણી જ્ઞાતિ સશક્ત તથા સમૃદ્ધ બની છે.

ચાલો આપણે 'આપવાનો આનંદ' માણવા માટે આપણા કર્મચારીઓને, આપણા નિકટના દૂરના સગાઓને તથા આપણા જ્ઞાતિજનોને કંઈક આપીએ.

**- હિરાચંદ દામજી દંડ,** hirachanddand@gmail.com, Mob.: 7738508150

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## શ્રી નરશી નાથા જૈન બાળાશ્રમ-નલીયા




પ્રકાશ સમીક્ષા વોલ્યુમ ૨૧, અંક ૧૯ તા. ૦૫-૦૫-૨૦૧૯માં ચર્ચાને ચોતરેમાં જયાબેન એચ. પીર નલીયાનો લેખ શ્રી નરશી નાથા જૈન બાળાશ્રમ બાબત ખૂબજ ધ્યાનમાં લેવા જેવો છે. બાળાશ્રમના ભુતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી નલીયા સંમેલન વખતે ઘણાની હાજરી હતી ત્યારે બધાનો એકજ અવાજ હતો કે આપણી માતૃસંસ્થા માટે કાંઇક કરવુ જોઇએ. સહવિદ્યાર્થીઓ કેટલાક સમય પછી મળ્યા. હાલાર-કચ્છના વિદ્યાર્થીઓ વધારે હતા એક તો કહેવું પડે જે પણ અહીં બાળાશ્રમથી ભણીને ગયાને લગભગ બધાજ પોતાની રીતે સુખી સમૃધ્ધ છે તો મારી દરેકને નમ્ર વિનંતી છે કે મુંબઇમાં એવો સમય નક્કી થાય તો ગેટ ટુ ગેધર જેવો પ્રોગ્રામ થઇ શકે. જેમાં શેઠશ્રી નરશી નાથા બાળાશ્રમના ટ્રસ્ટીઓ, બધાજ મહાજનોના મોભીઓ તથા સંમેલનના શૈક્ષણીક સમિતિના સભ્યો જો બાળાશ્રમનો પ્રશ્ન હાથમાં લે તો નક્કર પરીણામ આવી શકે.

નલીયા સંમેલન વખતે જ શ્રી કલ્પેશભાઇ મોતા, શ્રી ભરતભાઇ જીવાણી સાથે બધાને એકઠા કરવાની વાત થઇ, જાહેરાત પણ થઇ, પણ સમયનો અભાવ તેમજ અગાઉથી આયોજન ન હોવાને કારણે મળી શક્યા નહીં. હવે જ્યારે પણ સંમેલનની મહાસમિતિઓની બેઠક મુંબઇમાં થાય તો સાથે નરશી નાથા બાળાશ્રમના ટ્રસ્ટીઓ સાથે વાત કરીને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ બોલાવવા એવી મારી નમ્ર વિનંતી છે અગાઉથી આયોજન હશે તો બહારગામથી પણ આવી શકાશે.

**- શાંતીલાલ કે. લોડાયા, તેરા-વડોદરા**

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક,
મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી,
હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને
ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

|| શ્રી અનંતનાથાય નમઃ ||   || શ્રી મહાવીરાય નમઃ ||   || શ્રી પાર્શ્વનાથાય નમઃ ||

# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ

## અવસર આયો રે, આયો રે રાણપર ગામમેં આયો
## આનંદ છાયો રે, છાયો રે રાણપર ગામવાસીએમેં છાયો
## અબડાસો મલકાઈંધોરે પ્રભુ મહાવીરજી પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે રે...

ત્રયાન્હિકા મહોત્સવના પડઘમ સમયના વહેણ સાથે તા. ૧૩-૦૨-૨૦૧૯ થી તા. ૧૫-૦૨-૨૦૧૯, સં. ૨૦૭૫, મહા સુદ ૯-૧૦ તથા ૧૧ ના પાવનમય ઉજવણીના દિવસોમાં દેશભરના વિવિધ સ્થળોએથી રાણપરવાસીઓ, શ્રી અનંતનાથ દેરાસરજીના ટ્રસ્ટીશ્રીઓ, શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇના અધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યોની પધરામણી, વનવગડામાં આવેલ રાણપર ગામમાં નૂતન જિનાલયમાં પુનઃપ્રતિષ્ઠિત થનાર શાસનાધિપતિ ચરમ તીર્થંકર મહાવીરસ્વામિ ભગવાનની અપરંપાર પુણ્યાઇએ તથા ગામવાસીઓ, આયોજકોના અતિઉત્સાહે ત્રયાન્હિકાની જગ્યાએ પંચાન્હિકા મહોત્સવમાં ફેરવાઇ ગયું.

તા. ૧૨-૦૨-૨૦૧૯ને મંગળવારે મહોત્સવ ઉજવણીમાં પધારેલ જ્ઞાતિજનો તથા અચલગચ્છાધિપતિશ્રી પ.પૂ. તપસ્વીરત્ન તપચક્રવર્તી આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબની પ્રેરણાએ - શુભઆશિવર્દિ તથા સર્વે આચાર્ય ભગવંતોની અમીદ્રષ્ટિએ પ્રતિષ્ઠા નિશ્રા પ્રદાતા મધુરવક્તા પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા. તથા નિશ્રાતુષ્ટિ આપનાર તથા અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તીની વિદૂષી પ.પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. પ.પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ તા. ૧૨-૦૨-૨૦૧૯ના લાલા ગામથી રાણપર નગરે બપોરે ૪:૦૦ કલાકે પધારતા ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવતા મહોત્સવના મંડાણ થયાં. પૂજ્યશ્રી તથા સકળ સંઘે પ્રભુ દર્શન કરી શ્રી મહાવીરસ્વામિ વિધિ મંડપમાં સામુહિક ગુરૂવંદના તથા પૂજ્યશ્રી દ્વારા પ્રાસંગિક માંગલિક વ્યાખ્યાન કરવામાં આવેલ. સાંધ્ય સાધર્મિક ભક્તિ (ચૌવિહાર) બાદ ભક્તિભાવના તથા આરતી-મંગલ દીવાનો ચડાવો માતુશ્રી મીઠીબાઇ રાયમલ મોમાયા, રાણપર/મુલુન્ડ પરિવારે લીધેલ. ત્યારબાદ ઉતારાની વ્યવસ્થા પ્રમાણે જખૌ-જસાપર-લાલા તરફ પ્રયાણ.

તા. ૧૩-૦૨-૨૦૧૯ને બુધવારે વહેલી સવારે ૬:૦૦ કલાકે પ્રભુપૂજા તથા સ્નાત્રપૂજા વિધિકાર શ્રી કેવલભાઇના સહાયક શ્રી પ્રવિણભાઇ સાવલા તથા જ્ઞાતિ ભાઇ-બહેનો દ્વારા ભણાવવામાં આવેલ.

સવારે ૬:૩૦ કલાકે કુંભ સ્થાપના વિધિના લાભાર્થી રાણપરના નિયાણી અ.સૌ. ભારતીબેન ઉત્તમભાઇ લોડાયા, રાપર-માટુંગા પરિવારજનો દ્વારા કરવામાં આવેલ. દીપક સ્થાપના રાણપરના નિયાણી અ.સૌ. આશાબેન દીપકભાઇ ગંગાજર ડાઘા, વરાડીયા-મુલુન્ડના પરિવારજનો દ્વારા કરાયેલ. જ્વારારોપણ - માતુશ્રી જયાબેન પ્રેમચંદ મોમાયા, રાણપર તથા માતુશ્રી ભાગ્યવંતીબેન હીરાચંદ મેપાણી, પરજાઉવાસી પરિવારજનોની કુમારિકાઓ દ્વારા શ્રી પ્રવિણભાઇ સાવલાના માર્ગદર્શને કરાયેલ. શ્રી ક્ષેત્રપાલ સ્થાપના પૂજનના લાભાર્થી માતુશ્રી જયવંતીબેન કાનજી વિકમશી, રાણપર - સુથરી - મુંબઇ હસ્તે શ્રી વિજયભાઇ કાનજી વિકમશી તથા શ્રીમતી શશીકલાબેન પત્કી પરિવારના સર્વે સભ્યો દ્વારા કરવામાં આવેલ. નવકારશીને ન્યાય આપ્યા બાદ સવારના ૯:૪૫ કલાકે પ.પૂ. મુનિશ્રી મુક્તિરત્નસાગરજી ને ગુરૂવંદના કર્યા બાદ વિધિકાર શ્રી કેવલભાઇ સાવલા તથા સંગીતકાર શ્રી કિશોરભાઇ સાંગારના સંગાથે લઘુનંદાવર્ત પૂજન શાસ્ત્રોક્ત વિધિથી લાભાર્થી રાણપરની નિયાણીઓ અ.સૌ. માલતીબેન કિરીટ ગાલા, અ.સૌ. ભારતી ઉત્તમ લોડાયા તથા અ.સૌ. હેતલ ભરત લોડાયા પરિવારના સભ્યો દ્વારા સંપન્ન થયેલ.

નવગ્રહ પૂજન નો લાભ માતુશ્રી માનબાઇ દેવજી મોમાયા (રાણપર-મુંબઇ) હસ્તે ધીર, જુબિન, મેહુલ, અક્ષય, આગમ, સંકેત, દેવાંશ, નવ્યા, જીયા અને ધ્રુવ મોમાયા પરિવારના સભ્યોએ લીધેલ.

યતિશ્રી મોતીસાગરજી મ.સાહેબ પણ પ્રતિષ્ઠા મહોત્સવમાં નિશ્રા આપવા સવારે પધારતા મહોત્સવમાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિએ તથા યતિશ્રીની હાજરીએ ચાર ચાંદ લાગ્યા. દશદિક્પાલ પૂજન માટે લાભાર્થી માતુશ્રી જયાબેન પ્રમચંદ મોમાયા (રાણપર-કાંજુરમાર્ગ) પરિવારે ઉમળકાભેર લાભ લીધેલ. અષ્ટમંગલ પૂજન લાભાર્થી માતુશ્રી જેતબાઇ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી પરિવાર તથા કુટુંબીજનો દ્વારા કરાયેલ. પૂજનો પૂર્ણ થયા બાદ આરતી-મંગળ દીવો કર્યા બાદ ભોજન માટે વિશ્રાંતી.

સંપૂર્ણ દિવસના સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી જેતબાઇ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી પરિવાર દ્વારા બપોરે સાધર્મિક ભક્તિ સમયે સર્વે ભાઇ-બહેનોનું સંઘપૂજન કરવામાં આવેલ.

સાધર્મિક ભક્તિ બાદ મેળાવડો, પૂજ્યશ્રી સાથે ધાર્મિક વાર્તાલાપ તથા વર્ષોના વાયણા બાદ રાણપર ગામના વગડામાં મળ્યાનો હરખ, જુના સંસ્મરણો વાગોળતા પસાર કર્યો. સાંજે ૪:૩૦ કલાકે શ્રી શાંતિનાથ ભગવાન સાથે સર્વે જ્ઞાતિ ભાઇ-બહેનો,

# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ

પૂજ્યશ્રીઓ સહ, નગર રથયાત્રા કરવામાં આવેલ.

સાંધ્ય ચૌવિહાર ૫:૩૦ કલાકેથી શરૂ થતા લાભ આપી સાંજે ૭:૦૦ કલાકે સંગીત કલાકારો દ્વારા ભક્તિભાવના શરૂ થવાની હોઇ, સર્વે જ્ઞાતિજનોએ વેળાસર શ્રી મહાવીરસ્વામિ વિધિમંડપમાં સ્થાન ગ્રહણ કર્યું.

ભક્તિભાવનાનો આનંદ તથા પ્રભુમય થવાની કોશિષ સાથે ગરબાનો આનંદ તો હોય જ ને? તદઉપરાંત ભાવના દરમ્યાન જ સંગીતકારોની અનુમતીએ કચ્છીઓની ભક્તિભાવનાની અસ્મિતારૂપ પખાવજ માટે શ્રી દિપકભાઇ ડાઘા, શ્રી જયચંદ દેવજી મોમાયા, શ્રી પદમભાઇ મોતાના સ્વરે તથા જ્ઞાતિભાઇઓ સંગાથે અડધો કલાક પખાવજની રમઝટ જમાવી જેને સર્વે હાજર જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટે વધાવેલ.

વિધિમંડપ તથા પ્રભુ સન્મુખ આરતી ઉતારવાનો ચડાવો માતુશ્રી માનબાઇ દેવજી મોમાયા, રાણપર પરિવારે તેમજ મંગલ દીવાનો ચડાવો માતુશ્રી હીરબાઇ કેશવજી પીર (લોડાયા) હસ્તે ભરતભાઇ, સુથરી-મુલુન્ડ પરિવારે લઇ ભાવનાની સમાપ્તિ બાદ લાભ લીધેલ.

દ્વિતીય દિવસ તા. ૧૪-૦૨-૨૦૧૯ને ગુરૂવારે સવારના શુભ અવસરે ૬:૦૦ કલાકે પક્ષાલ પૂજન બાદ આયોજન પ્રમાણે ત્રણે પ્રભુજીનો આજે નૂતન જિનાલયમાં ગર્ભ પ્રવેશ. શ્રી મહાવીરસ્વામિ ભગવાનને પોંખવાનો તથા ગર્ભગૃહ પ્રવેશના લાભાર્થી શ્રી દામજી કુંવરજી વિકમશી હસ્તે અ.સૌ. આશાબેન દિપકભાઇ ગંગાજર ડાઘા, વરાડીયા-મુલુન્ડ પરિવાર, શ્રી શાંતિનાથ ભગવાનને પોંખવાનો તથા ગર્ભગૃહ પ્રવેશના લાભાર્થી શ્રી ખીમજી કુંવરજી વિકમશી, રાણપર-વડાલા તેમજ શ્રી પાર્શ્વનાથ ભગવાનને પોંખવાનો તથા ગર્ભગૃહ પ્રવેશ માતુશ્રી જેતબાઇ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી પરિવારે લાભ લીધેલ. ચલ-પ્રતિષ્ઠિત ભગવાનોની ઉત્થાપન વિધિ કર્યા બાદ લાભાર્થી ત્રણે પરિવારો દ્વારા પ્રતિમાઓને સાથે લઇ જિનાલય પ્રદક્ષિણા કર્યા બાદ તેમના પરિવારજનો દ્વારા પ્રભુજીને પોંખવાની વિધિ કરાયા બાદ ગર્ભગૃહમાં ત્રણે ભગવાનનો પ્રવેશ ત્રણે પરિવારના સભ્યો દ્વારા હર્ષોલ્લાસથી થયો. માણેક સ્થંભ સ્થાપનાનો લાભ માતુશ્રી જેતબાઇ કરમશી છેડા, નલીયા-મુલુન્ડ પરિવારે લીધેલ તથા તોરણ બાંધવાનો લાભ અ.સૌ. આશાબેન દીપકભાઇ ડાઘા, વરાડીયા-મુલુન્ડ પરિવારે લીધેલ.

નવકારશી માટેના વિશ્રામ બાદ આયોજિત અઢાર અભિષેક વિધિમંડપમાં તથા જિનાલય અને પ્રાંગણમાં વ્યવસ્થા પ્રમાણે ધ્વજ દંડ, શિખર-કળશના અભિષેક નકરા રૂપ તથા ચડાવા માધ્યમે શરૂ કરાયેલ. લાભાર્થી પરિવારો ઘોષિત થતા, નામો પ્રમાણે અભિષેકનો લાભ લીધેલ.

અઢાર અભિષેક દરમ્યાન ચંદ્ર દર્શન કરાવવાનો લાભ માતુશ્રી વનિતાબેન સુરેશચંદ્ર છેડા, સુથરી-મુલુન્ડ તથા સુર્ય દર્શનનો લાભ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર/વાપી-ડોંબિવલી, તેમજ અભિષેક બાદ પ્રથમ અષ્ટપ્રકારી પૂજાનો લાભ માતુશ્રી રતનબાઇ આણંદજી દંડ, પરજાઉ-ઘાટકોપર, આરતી-માતુશ્રી જેતબાઇ વિશનજી નાગશી મોમાયા, રાણપર-ડોંબિવલી, મંગલદીવો - અ.સૌ. માલતીબેન કિરીટ ગાલા, કોટડી-મહાદેવપુરી-ઘાટકોપર તેમજ શાંતિકળશનો ચડાવો માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર/વાપી-ડોંબિવલી પરિવારે લાભ લીધેલ. કચ્છમાં દુષ્કાળની પરિસ્થિતિ તેમજ રાણપર ગામે પુનઃપ્રતિષ્ઠા પ્રસંગે મુંગા પશુઓ માટે જીવદયા રૂપે પાણી પ્યાઉ (અવ્હાડો) બનાવવાનો તથા કાયમી નિભાવ ફંડ માટે નકરાની જાહેરાત થતાં જ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર-વાપી/ડોંબિવલી પરિવારે નામની જાહરાત કરતાં ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટથી વધાવેલ. વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીના પ્રત્યેકના રૂા. ૫,૫૦૦/- (રૂપિયા પાંચ હજાર પાંચસો પૂરા) નકરાની જાહેરાત કરાયેલ, પરંતુ સુકૃત્યો કરનાર તથા સ્વઉપાર્જિત લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવનાર માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા, વારાપધર-વાપી/ડોંબિવલી પરિવારે બધાજ ચડાવા રૂા. ૫૧,૦૦૦/- (રૂપિયા એકાવન હજાર પૂરા)ની રકમ જાહેર કરી લઇ લેતાં, સંગીતકારોએ વાજિંત્રો દ્વારા ભવ્ય સલામી આપેલ.

ઘણો જ સમય પસાર થઇ જતાં, બાકી રહેલ અભિષેકો કરવામાં આવ્યા. અષ્ટપ્રકારી પૂજા, આરતી મંગલદીવો તેમજ શાંતિકળશ વિધિથી ૧૮ અભિષેક વિધાન સંપન્ન થયેલ.

સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર માતુશ્રી માનબાઇ દેવજી ખીમજી મોમાયા, રાણપર-ભાંડુપ હસ્તે દીપ્તીબેન હિરેન, મનિષાબેન ધીરેન, ભાવનાબેન સુરેન, પ્રીતિબેન હિતેન, કિરણબેન ભૂપેન્દ્ર, તેજલબેન પ્રવિણ, બિજલબેન નયન તથા જીગ્નાબેન સચિન મોમાયા પરિવાર દ્વારા બપોરે સાધર્મિક ભક્તિ વખતે સર્વેનું સંઘપૂજન કરવામાં આવેલ.

સાંધ્ય સાધર્મિક ભક્તિ (ચૌવિહાર) બાદ ૭:૦૦ કલાકે ભક્તિભાવનાની, રાસગરબાની રમઝટ માણતા, ભાવના બાદ આરતીનો ચડાવો માતુશ્રી જવેરબાઇ સોજપાર મોતા, કુવાપધર-ડોંબિવલી તથા મંગલદીવાનો ચડાવો માતુશ્રી સોનબાઇ ગોવિંદજી મૈશેરી, કુવાપધર પરિવારે લીધેલ.

મહોત્સવનાં તૃતીય દિવસ તા. ૧૫-૦૨-૨૦૧૯ને શુક્રવાર સવારે પુનઃપ્રતિષ્ઠાના મંગલ દિવસે, મૂળનાયક શ્રી

# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ

મહાવીરસ્વામિ ભગવાનની પ્રતિષ્ઠા માટે શ્રી કુંવરજી શામજી વિકમશી પરિવાર, રાણપર-પરેલ હસ્તે માતુશ્રી જવેરબેન શિવજી વિકમશી, શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા માટે માતુશ્રી માનબાઇ દેવજી ખીમજી મોમાયા, રાણપર-મુંબઇ હસ્તે માતુશ્રી લક્ષ્મીબેન રતીલાલ, માતુશ્રી શોભનાબેન ગોવિંદજી, માતુશ્રી મધુરીબેન નવિનચંદ્ર, માતુશ્રી જયાબેન પ્રેમચંદ તથા માતુશ્રી મધુબેન જયચંદ મોમાયા પરિવાર અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા માટે શ્રી કુંવરજી શામજી વિકમશી હસ્તે : અ.સૌ. પલ્લવીબેન નિલેશ વિકમશી, રાણપર-પરેલ, શ્રી જેઠાભાઇ શામજી વિકમશી (સોનગઢવાલા) હસ્તે માતુશ્રી કલાવંતીબેન ધનજી વિકમશી, શ્રીમતી હીરાબેન અરવિંદ વિકમશી, માતુશ્રી કાંતાબાઇ દામજી વિકમશી પરિવારના સભ્યો દ્વારા શુભમુહુર્તે પુનઃપ્રતિષ્ઠિત કરાતાં હર્ષના હિલોળાએ સર્વે જ્ઞાતિજનો નાચગાન જયનાદ કરતા ઝૂમ્યા તેમજ મુખ્ય શિખર ધ્વજદંડ, શિખર કળશ તથા ધ્વજાના લાભાર્થી પરિવાર માતુશ્રી જેતબાઇ લખમશી મુલજી છેડા, નલીયા-મુલુન્ડ તથા શ્રી ખીમજી કુંવરજી વિકમશી પરિવાર, રાણપર-વડાલાના સભ્યો દ્વારા ૧૨૬મી ધ્વજા લહેરાવવામાં આવી.

પ્રતિષ્ઠા બાદ કંકુ થાપાની વિધિ માતુશ્રી જયવંતીબેન કાનજી વિકમશી, રાણપર-ઘાટકોપર હસ્તે શ્રી વિજયભાઇ કાનજી, શ્રી સતીશભાઇ કાનજી વિકમશી તથા શ્રીમતી શશીબેન પુરૂષોત્તમ પત્કી પરિવાર દ્વારા કરાવ્યા બાદ સર્વે પધારેલ જ્ઞાતિજનો વિધિમંડપમાં આનંદ-ખૂશીના માહોલમાં એક-બીજાને વધામણાં આપતાં એકત્ર થયા.

પૂજ્ય મુનિશ્રી મુક્તિરત્નસાગર મ.સા.ને સામૂહિક ગુરૂવંદન બાદ પ્રતિષ્ઠા અનુરૂપ વ્યાખ્યાન, પુજ્યશ્રી  દ્વારા દર વર્ષે રાણપર પધારવાની તથા રહેણાંક માટે પ્રેરણા કરાતા શ્રી જયચંદ દેવજી મોમાયા, રાણપર-ભાંડુપવાળાએ મકાન બનાવવાની તૈયારી દર્શાવેલ.

ગર્ભગૃહ બહાર રંગમંડપના ગોખલામાં આવતા વર્ષે મહાકાલી માતાજીને પધરાવી પ્રતિષ્ઠિત કરવાનો ચડાવો શ્રીમતી નયનાબેન લેરિનભાઇ ખોના હસ્તે શ્રી વૃષભ જયમન લેરિન ખોના, સુજાપૂર-પવઇ પરિવારે તથા શ્રી પદ્માવતી માતાજીને પ્રતિષ્ઠિત કરવાનો ચડાવો માતુશ્રી તારાબેન માણેકજી મોતા, રાપરગઢવારી હસ્તે સુપુત્રીઓ અ.સૌ. ભાવનાબેન નરેન્દ્ર ટોલીયા, અ.સૌ. કલ્પનાબેન તરૂણ ધરમશી તથા અ.સૌ. મીતાબેન વીરચંદ લાલકા પરિવારે લીધેલ.

તા. ૧૬-૦૨-૨૦૧૯ને શનિવારે દ્વાર ઉદ્‌ઘાટનનો ચડાવો માતુશ્રી માનબાઇ દેવજી ખીમજી મોમાયા, રાણપર-મુંબઇ પરિવારે લીધેલ તથા પ્રથમ પક્ષાલ-પૂજાનો ચડાવો શ્રી સતીષ કાનજી વિકમશી અને ચિત્રાબેન કેતન મોમાયા, વરાડીયા પરિવારે લીધેલ.

આવતા વર્ષની ધ્વજાનો ચડાવો તથા ધ્વજાદિને સાધર્મિક ભક્તિનો લાભ માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા, વારાપધર, વાપી/ડોંબિવલી પરિવારે લીધેલ છે તથા પહેલા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ શ્રી શીવજી કુંવરજી વિકમશી, રાણપર/પરેલ પરિવારે લીધેલ છે.

સર્વ સાધારણ ગોલ્ડન તથા સિલ્વર દાતાની પરિસરમાં યોગ્ય જગ્યાએ તક્તી લગાડવાની સ્કીમ જાહેર થતા, આવેલ નામોની યાદી નીચે અહેવાલ બાદ આપેલ છે. દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના.

સર્વે ચડાવાના નકરા, આદેશો અપાયા બાદ પુનઃપ્રતિષ્ઠામાં વિવિધ ચડાવા દ્વારા લાભ લીધેલ પરિવારોની અનુમોદના માટે બહુમાન શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ તથા શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડ્સના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા કરવામાં આવેલ.

સાથે સાથે, શ્રી રાણપર જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડ્સ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સર્વેને બહુમાન તથા પ્રતિષ્ઠા સંભારણા રૂપે મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. લાલાના સરપંચ તથા ઉપ-સરપંચ તેમજ વન્ય ખાતાના શ્રી મહેશ્વરી સાહેબનું બહુમાન કરવામાં આવેલ. પૂજ્યશ્રી મુનિરાજ, સાધ્વીજી ભગવંતો તથા યતિશ્રી મોતિસાગરજી સાહેબનું ગુરૂપૂજન, તેમજ કામળી તથા પછેડી વહોરાવવામાં આવેલ. આવતા ધ્વજા મહોત્સવે નિશ્રા આપવા વિનંતી કરવામાં આવેલ.

વિધિકાર શ્રી કેવલભાઇ સાવલા, સહાયક શ્રી પ્રવિણભાઇ સાવલા, કેટરર્સ શ્રી ભીખુભાઇ જખૌવાળા, મંડપવાળા શ્રી કિરણભાઇ મોતા, નલીયાનું બહુમાન કરાયેલ. મહોત્સવની પૂર્વ તૈયારી તથા દરેક જરૂરીયાત વસ્તુઓ માટે તન-મનથી સેવા આપનાર વરાપધરના ભુજના રહેવાસી શ્રી હરીશભાઇ શીવજી લોડાયા તેમજ જિનાલયમાં ભંડારો પોતાના માતુશ્રી વિમલાબાઇ શીવજી ટોકરશી લોડાયાના નામે અર્પણ કરેલ છે તેમનું બહુમાન કરાતાં સહુ જ્ઞાતિજનોએ તાળીઓના ગડગડાટથી તથા સંગીતકારોએ વાજિંત્રોના નાદે સલામી આપેલ.

જિનાલયના ખન્નનવિધિથી પૂર્ણ રૂપે તૈયાર કરી આપવાના હક્કદાર સોમપુરા મે. નીલકંઠ આર્ટસ્‌ના શ્રી સંજયભાઇ મુકુન્દરાય સોમપુરા (ધ્રાંગધ્રા)નું અધિકારીઓ દ્વારા બહુમાન કરાયેલ. ચંદરવો અ.સૌ. પ્રિતીબેન હિરેન લાપસીયા, રંગપૂર, મસ્જિદ બંદર તરફથી ભેટ મળેલ તે માટે શ્રી હિરેનભાઇ લાપસીયાનું બહુમાન કરવામાં આવેલ.

# રાણપર નગરે ઉજવાયો ત્રયાન્હિકા મહોત્સવ

ત્રયાન્હિકા મહોત્સવ દરમ્યાન ત્રણે દિવસ આયંબિલની વ્યવસ્થા રખાયેલ.પ્રત્યેક દિવસે ૯ થી ૧૧ ની સંખ્યામાં તપશ્ચર્યા શાતાપૂર્વક થયેલ તથા મહોત્સવ દરમ્યાન અઠ્ઠમતપની આરાધના રાણપરના નિયાણી અ.સૌ. ભૂમિબેન અમિત શિયાલ, તેરા/ઘાટકોપર દ્વારા કરવામાં આવેલ તેમનું યથાયોગ્ય બહુમાન કરાયેલ.

ક્ષત્રિયકુંડના નગરીના લાભાર્થી અ.સૌ. ગીતાબેન મયુર શાહ તથા શેઠશ્રી નરશી નાથા ભોજન મંડપના લાભાર્થી માતુશ્રી મણીબાઇ ખીમજી વિકમશી પરિવારનું બહુમાન તેમજ ધ્વજા અને પ્રતિષ્ઠા દિને વિવિધ સંઘોના પ્રતિનિધિઓ, મહાજનો, અખિલ ભારત અચલગચ્છના ટ્રસ્ટીશ્રી હરિશભાઇ ડાઘા તથા પધારેલ સર્વે નામાંકિત જ્ઞાતિજનો, મહાનુભવોનું હાર્દિક સ્વાગત કરવામાં આવેલ.

સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી શ્રી શિવજી કુંવરજી વિકમશી પરિવાર, રાણપર-પરેલ પરિવાર દ્વારા બપોરની સાધર્મિક ભક્તિ સમયે સંઘપૂજન કરવામાં આવેલ.

અભિષેક થયા બાદ તા. ૧૪-૦૨-૨૦૧૯ થી તા. ૧૬-૦૨-૨૦૧૯ માટે પ્રભુજીના ગર્ભગૃહની વિવિધ પ્રકારના રંગબેરંગી ફૂલોની નયનરમ્ય સજાવટ સ્વદ્રવ્યથી માનદ્ પ્રભુસેવાનો લાભ અ.સૌ. ભદ્રાબેન લહેરચંદ દંડ, પરજાઉ-ઘાટકોપરવાળાએ આપેલ તેમનું તિલક દ્વારા અભિવાદન કરવામાં આવેલ. જ્ઞાતિજનો દ્વારા તાળીઓના ગડગડાટથી વધાવવામાં આવેલ.

અંતમાં મહોત્સવની ઉજવણીની તૈયારીમાં મદદરૂપ થયેલ શ્રી અનંતનાથજી ટ્રસ્ટનો કર્મચારીગણ, ફોટોગ્રાફર, કેટરર્સ, મંડપ ડેકોરેટર્સ, ઉતારાની વ્યવસ્થા માટે જખૌ સંઘ, જસાપર સંઘ, જખૌની ભાનુશાલીવાડીના અધિકારીઓ, પત્રિકા મુદ્રણ માટે મે. અવની પ્રિન્ટર્સ-ડોંબિવલી, ચડાવવામાં લાભ લેનાર રાણપર ગામના દિલેરી દાનવીરો, અન્ય દાતાશ્રીઓ તથા મહોત્સવમાં પ્રત્યક્ષ હાજરી આપનાર આમંત્રિતો, મહાજનો, દાતાશ્રીઓના પરિવારજનો, પુનઃપ્રતિષ્ઠા મહોત્સવની ભવ્ય ઉજવણીમાં પીઠબળ આપી ઉત્સાહમાં વધારો કરવા બદલ સર્વેની અંતઃકરણ અનુમોદના... અનુમોદના. અહેવાલનું સંકલન કરતા કોઇ ક્ષતિ રહી ગયેલ હોય તો હાર્દિક મિચ્છામિ દુક્કડ્મ.

લિ. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી રાણપર જૈન દેરાસરજી અને સાધારણ ફંડ્સ ટ્રસ્ટ**

| | |
|---|---|
| | **ગોલ્ડન દાતા** |
| ૧ | અ.સૌ. હંસાબેન જિગ્નેશ ચંદ્રકાંત લોડાયા હસ્તેઃ ચિ. પરીન - કુ. અવની જિગ્નેશ લોડાયા, વારાપધર-ડોંબિવલી |
| ૨ | શ્રી અનંતનાથ ટ્રસ્ટ સ્ટાફ - શ્રી પિયુષભાઇ પ્રજાપતિ, ડોંબિવલી |
| ૩ | માતુશ્રી દેકાંબાઇ દામજી વિકમશી, રાણપર-લાયજા |
| ૪ | માતુશ્રી જયવંતીબેન કાનજી વિકમશી હસ્તે : શ્રીમતી શશીકલાબેન પુરૂષોત્તમ પત્કી પરિવાર, રાણપર-ચેંબુર/મુંબઇ |
| | **સિલ્વર દાતા** |
| ૧ | અ.સૌ. ભુમિ અમિત શિયાલ, હસ્તે : મોહિત અને શૌર્ય, તેરા-ઘાટકોપર |
| ૨ | પ.પૂ. સાધ્વીશ્રી હરખશ્રીજી મ.સા. તથા પ.પૂ. રત્નરેખાશ્રીજી મ.સા.ના ગુરૂભક્તો તરફથી |
| ૩ | માતુશ્રી વનિતાબેન હીરાચંદ વિકમશી - પ.પૂ. સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી, રાણપર-અંધેરી |
| ૪ | માતુશ્રી હીરબાઇ કલ્યાણજી પીર, સુથરી-મુલુન્ડ |
| ૫ | શ્રી દામજી નરશી સોની પરિવાર, વાંકુ-મુલુન્ડ |
| ૬ | માતુશ્રી વનિતાબેન સુરેશચંદ્ર છેડા, સુથરી-મુલુન્ડ |
| ૭ | માતુશ્રી જેતબાઇ મુલજી છેડા, નલીયા-મુલુન્ડ |
| ૮ | માતુશ્રી પુષ્પાબેન પદમશી વિકમશી, હસ્તે : ભરત તથા વીરચંદ, રાણપર-આદિપુર |
| ૯ | અ.સૌ. સ્મિતાબેન રાયચંદ જીવાણી, જખૌ-ડોંબિવલી |
| ૧૦ | માતુશ્રી ખીરબાઇ કાનજી વીરમ હસ્તે : લાલજીભાઇ, વારાપધર-ડોંબિવલી |

# આવો, એક વિચાર પ્રક્રિયા શરૂ કરીએ

તા. ૨૦.૫.૨૦૧૯ પ્રકાશ સમીક્ષાના અંકમાં ઍડ. ઉદયનભાઈએ આપણી જ્ઞાતિમાં લગ્ન બાબતની પરિસ્થિતિ અંગે પોતાના વિચારો દર્શાવ્યા છે. આજે હું આપણી જ્ઞાતિમાં છેલ્લા પાંચ વરસ દરમ્યાન સગપણ તૂટવાની બાબત અંગે થોડા વિચારો રજૂ કરૂં છું.

હાલમાં સગપણ થતા પહેલાં યુવક-યુવતી એકબીજાને બે-ચાર વખત મળે છે. ઘરનું વાતાવરણ, રહેણીકરણી વગેરે જોવા માટે યુવતી યુવકના ઘરની પણ મુલાકાત લે છે, છતાં પણ એક-બે મહિનામાં સગપણ શા માટે તૂટી જાય? આપણી યુવા પેઢી ક્યાં ભૂલ - થાપ ખાય છે? સગપણ વિચ્છેદ પછી યુવતીઓને અન્ય પાત્ર શોધવામાં ખૂબજ કઠિનાઈનો સામનો કરવો પડે છે તથા લાંબો સમય રાહ પણ જોવી પડે છે.

સગપણ વિચ્છેદ માટે કોણ જવાબદાર છે? વાલીઓ, યુવકો કે યુવતીઓ? વૈચારિક મતભેદ? આપણામાંના બહુમતી જ્ઞાતિજનો એમ માને છે કે છુટા છેડા કરતા સગપણ વિચ્છેદ સારૂં છે.

આવો આપણે આ અંગે વિચાર પ્રક્રિયા શરૂ કરીએ. પ્રકાશ સમીક્ષાના વાચકોને સગપણ વિચ્છેદ અંગેના પોતાના વિચારો, પત્ર કે ઈ-મેઈલ દ્વારા પોતાના નામ-ગામ-સરનામુ તથા મોબાઈલ નંબર સાથે કાર્યાલયના સરનામે અથવા **kdoprakash@gmail.com** ઉપર મોકલવા વિનમ્ર નિવેદન છે. તંદુરસ્ત ચર્ચા-વિચારણા કદાચ આ સળગતા પ્રશ્નના નિવારણ માટે ઉપયોગી થાય તથા આપણી જ્ઞાતિના યુવકો યુવતીઓ માટે માર્ગદર્શક બને.

**- હીરાચંદ દંડ**

## વાચકના પ્રતિભાવ

શ્રી હિરાચંદ ભાઈએ પ્રકાશ સમીક્ષાના ૫/૫ ના અંકમાં '**આપવાનો આનંદ માણો**' લેખ લખેલ. વાંચીને ઘણો જ આનંદ થયો. સમાજ ને ખરેખર શીખવા જેવું છે. એક બહુ જ મોટા દાનવીરે લખ્યું છે કે, "Charity can be made even with Smaller amount."

વર્ષો પહેલા મને એક અનુભવ થયેલ તે જણાવું છું.

વર્ષો પહેલા હું મારા પરિવાર સાથે પાલીતાણાં જાત્રાએ ગયેલ. શત્રુંજય તીર્થમાં દાદાની જાત્રા કરવી એ જીંદગીનો એક લહાવો છે. રસ્તામાં ડોલીમાં એક ૮૫ + વર્ષના ડોશીમાં તથા એનો પુત્ર પણ જાત્રા કરવા જતા હતા. પુત્ર ડોલીવાળાને કહેતો હતો, જલ્દી કરો અમને પક્ષાલ - પૂજાનો પહેલો ચડાવો લેવો છે. ઉપર જઈને જોયું તો ચડાવાની તૈયારી થઈ રહી હતી. ચાલુ દિવસ હતો અને સામે બોલવાવાળા ખાસ નહોતા. પુત્ર ને લાગ્યું કે આપણને ચડાવો મળી જશે અને માતાની ઈચ્છા પૂર્ણ થશે. પણ ત્યાં તો રાજસ્થાન થી જૌહારીમલ મારવાડી એના પરિવાર સાથે જાત્રાએ આવેલ એને પણ પક્ષાલ - પૂજાનો પહેલો ચડાવો લેવો હતો. બોલી ઉપર બોલી બોલાતી ગઈ. પુત્રે બધીજ સંપત્તિ દાવ પર લગાવી દીધી પણ મારવાડી ગાંજ્યો જાય એમ નહોતો. એણે ચડાવો લઈ લીધો. માજી ધુસકે ધુસકે રડતા હતા. એમની ઈચ્છા પૂર્ણ થઈ નહી. આ દશ્ય હું દૂરથી જોઈ રહ્યો હતો. મેં પુત્રને આશ્વાસન આપ્યું કે મારાથી મારવાડીને સમજાવા પ્રયાસ કરું. દાદા પાસે બે હાથ જોડી યાચના કરી કે હે પ્રભુ, આજે તારી કસોટી છે. તું હાજર-હજુર છે તેનો પરચો બતાવ. હું મારવાડીને સમજાવા ગયો. આખી વાત સમજાવી. માતાજીની આ છેલ્લી જાત્રા છે. તેં જીવનમાં ઘણાં ચડાવા લીધા છે અને હજી લેશે પણ આ તો માજીનું મૃત્યુ સુધારવાનો અવસર છે. પુણ્યની બધું પુણ્ય કમાવી લે. ચડાવો ભલે તેં લીધો પણ માજીને પહેલી પક્ષાલ-પૂજા કરવા આપ. મારવાડીના હૃદયમાં ભગવાન વસ્યો. મારી સાથે માજીને મળવા તૈયાર થયો. માતાજીને પગે લાગ્યો અને હાથ પકડીને પક્ષાલ-પૂજાનો પહેલો લાભ લેવા સાથે લઈ ગયો. માજી ની ઈચ્છા પૂર્ણ થઈ. દાદાએ પોતાનો પરચો બતાવ્યો.

જૈન જયતિ શાસનમ્

**- પૃથ્વીરાજ નારાણજી મોમાયા, માટુંગા**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪ ઈમેલ : anantnathderasar@gmail.com

### અનંતનાથ દાદાની છાયા સોહામણી ચાતુર્માસ મળ્યાની અનહદ વધામણી

અચલગચ્છ શાસન સમ્રાટ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપાએ, ૫૩માં વર્ષીતપના આરાધક તપચક્રવર્તી, તપસ્વીરત્ન, તપ પ્રભાવક, જિન શાસન શિરોમણી, અચલગચ્છાધિપતી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાએ સા.મુખ્યા પ.પૂ. નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા. શાસનપ્રભાવિકા પ.પૂ.સા.પુણ્યોદયશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ.સા.મૌનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.વંદનગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા.પરાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સા. હિરકગુણાશ્રીજી મ.સા. આદિ ઠા.૪ નું સં-૨૦૭૫ નું ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ આષાઢ સુદ ૪ શનિવાર તા. ૦૬/૦૭/૨૦૧૯ સવારના થશે. ચાતુર્માસની આજ્ઞા પ્રદાતા પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ચરણે વંદના- તથા વ્યવહારકુશલા પૂ.સા. વિપુલગુણાશ્રીજી મ.સા.ના ચરણે વંદના... સર્વ સંઘો, મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

લિ.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જીદ બંદર જૈન સંઘ, મુંબઈ

### આદેશ્વરદાદા દરબારે ચાતુર્માસની વધામણી, અવસર આવે છે, કરવા આત્માની કમાણી

આનંદ, હર્ષ અને ઉલ્લાસભેર જણાવતાં અમારા મનનો મોરલીયો નૃત્ય કરે છે. કારણ છે, તપચક્રવર્તી, તપસ્વીરત્ન, તપ પ્રભાવક, જિન શાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા આશિષે. પ.પૂ. વર્ધમાન તપોનિધી પ.પૂ. અભયગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રીજી વિરાગગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રીજી ઋજ્જુગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રીજી રમ્યકિરણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રીજી જિનરાજગુણાશ્રીજી મ.સા., આદિ ઠાણા- ૪ નું સંવત ૨૦૭૫ની સાલનું વર્ષાવાસ શ્રી આદિનાથજી જિનાલય, અનંત સિધ્ધિ, એલ.બી.એસ. માર્ગ ભાંડુપ ખાતે પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૯ બુધવાર તા. ૧૦/૦૭/૨૦૧૯ સવારના થશે. ચાતુર્માસની આજ્ઞા પ્રદાતા પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ચરણે વંદના... સર્વે સંઘો, મહાજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

લિ.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ
શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ

## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી મહારાજ ચોક, ખારેક બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૯
ફોન : ૨૩૪૨ ૧૩૪૪ / ૨૩૪૪ ૧૯૨૯ • ઈમેલ : anantnathtrust@gmail.com

### શ્રી આદિનાથજી દેરાસરજી, ભાંડુપ

### ૭૩મી વર્ષગાંઠ

''અનંત સિધ્ધિ'' ભાંડુપ (પશ્ચિમ) સ્થિત શ્રી આદિનાથજી દેરાસરજીની ૭૩મી વર્ષગાંઠ સં. ૨૦૭૫ જેઠ સુદ ૧૧ને **ગુરૂવાર તા. ૧૩/૬/૨૦૧૯** ના રોજ છે.

**પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વીશ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.**
**પ.પૂ. સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી તારકગુણાશ્રીજી મ.સા.**
**આદિ ઠાણા તથા પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રામાં**
**મંગળવાર તા. ૧૧/૬/૨૦૧૯ થી ગુરૂવાર તા. ૧૩/૬/૨૦૧૯ દરમ્યાન ત્રિહાન્હિકા મહોત્સવ આયોજેલ છે.**

| | | |
|---|---|---|
| મંગળવાર તા. ૧૧-૬-૨૦૧૯ | બપોરના ૨.૩૦ કલાકેથી | પંચકલ્યાણક પૂજા |
| બુધવાર તા. ૧૨-૬-૨૦૧૯ | સવારના ૮.૩૦ કલાકેથી | ૧૮ અભિષેક |
| ગુરૂવાર તા. ૧૩-૬-૨૦૧૯ | સવારના ૮.૦૦ કલાકેથી | પાટલાપૂજન તથા સત્તરભેદી પૂજા – ધ્વજારોહણ |

**સૌ જ્ઞાતિજનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ભાંડુપ

# શું આપણે જ્ઞાતિની અસ્મિતા જાળવી શકીશું??

આપણા વડીલોને પૂર્વજોએ લગભગ ૧૫૦-૨૦૦ વર્ષ પહેલાં જ્ઞાતિ માટે અત્યંત જરૂરી એવી અનેક અકસ્માયત ગણી શકાય એવાં ધરોહર જૈન મંદિર, ધર્મશાળાઓ, જ્ઞાનશાળા, ભોજન શાળા તથા આલિશાન એવા મકાન, ખેતર અને અનેક મિલ્કત ઉભી કરેલ છે. છેલ્લાં ૫૦-૬૦ વર્ષમાં પણ અનેક સ્થળે આ મિલ્કતની સંખ્યામાં ક્રમે ક્રમે વધારો થતો રહ્યો છે. આ એક સારી બાબત છે, પણ છેલ્લા ૫-૧૦-૧૫ વર્ષથી જ્ઞાતિની વસ્તી ઘટી રહેલ છે. પ્રતિ વર્ષે ઘટતી જતી વસતી હવે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે.

સુજ્ઞ જ્ઞાતિજનો એનાથી અજાણ નથી જ પણ મારા અંદાજે વિવિધ મહાજનો, સંસ્થાઓએ આ ગંભીર પ્રશ્નને સાચા અર્થમાં પોતાની રોજિંદી કાર્યવાહીમાં કદાચ ક્યારે પણ ગણતરીમાં લીધેલ નથી.

ગયા ડિસેમ્બર ૨૦૧૮માં ૨૭ વર્ષના લાંબા ગાળા બાદ જ્ઞાતિનું ચોથું સંમેલન ૩ દિવસ માટે યોજાઈ ગયું. જ્યારે આટલા લાંબા ગાળા બાદ સૌ જ્ઞાતિજનો મળે/ઓળખે (એક આખી નવી પેઢીનું આગમન થયું એમ કહી શકાય.) ત્યારે નવા પ્રશ્નો, નવી વિચારધારા બહાર આવે જ પણ આ સંમેલનમાં આવા (ઉપરોક્ત બતાવેલ) ગંભીર પ્રશ્ન અંગે ક્યાંય પણ વિચાર વિમર્શ થયેલ નથી... નલીયા ખાતે મળેલ સંમેલનમાં નલીયાની જ ભૂમિપર લગભગ ૮૦-૧૦૦ વર્ષ પહેલાં ભક્ત કવિ મઢડાવાળા દ્વારા ચાલુ કરેલ શેઠ શ્રી નરશી નાથા બાળાશ્રમ, જે લગભગ ૬ વર્ષથી બંધ છે (જુઓ PS- અંક F-૧૯, પાનું ૪ પરનો વ્યથા ભરેલ લેખ) જે બાબતે ક્યાંય આટલા વર્ષોમાં પણ કોઈએ એને ચાલુ કરવા માટે કોઈ સકારાત્મક (Positive)પગલાં લીધેલા નથી. જે બાળાશ્રમમાં ભણીને, કસાયેલ તાલીમ (Training) લઈને બહાર આવેલ સેંકડો જ્ઞાતિજનો આજે પોતપોતાના કુટુંબમાં, ધંધામા આગળ પડતું, મોખરાનું સ્થાન ધરાવે છે. એ સંસ્થા માટે આપણે સૌએ શું કર્યુ છે? શ્રી સમસ્ત મહાજન, આ નોંધ જરૂર લે...

જુઓ પ્રકાશ સમીક્ષા અંક ૨૦, કુલ જન્મ ૭, ને અંકે પખવાડિયામાં અવસાન ૨૧!! આપણે શું ત્રિરાશી માંડીશું? વર્ષોવર્ષે ઘટતી રહેલ જ્ઞાતિસંખ્યા શું પરિણામ લાવશે? ''અમે બે ને અમારા બે'' કદાચ ૨૦-૨૫ વર્ષ પહેલાના વિચારો, આજે કાળક્રમે માત્ર ૧ જ સંતાન અને અમુક કિસ્સામાં તો એનાથી પણ વિમુખ!! નવી પેઢીના જ્ઞાતિજનો પોતાની 'કેરીયર'ને ધંધાકીય પ્રવૃત્તિઓ ને બીજા અન્ય કારણને લઈને લગભગ પંચવર્ષીય યોજનાઓ ઉપર ધ્યાન આપે છે. (જવાહરલાલ નહેરૂના જમાનાની પંચવર્ષીય યોજનાઓ લગભગ ૧૯૬૫/૭૦ સુધી કાર્યરત રહેલ ને પછી ધીમે ધીમે બંધ થઈ ગઈ.) એ પંચવર્ષીય યોજનાઓને આપણે અપનાવી લીધી.

નોંધ : ૨૦-૨૫ વર્ષ પહેલાં સરેરાશ લગ્ન વય ૨૪-૨૬ની હતી તે આજે લગભગ ૩૦ની નજીક પહોંચી છે.

આપણી સમકક્ષ ની KVO જ્ઞાતિની વસતી મારા અંદાજે ૩ થી ૪ લાખની હોવી જોઈએ (કોઈ જ્ઞાતિજન સાચો આંકડો બહાર લાવે તો આભારી થઈશ), તે જ્ઞાતિજનો આપણી સાથે જ મુંબઈ ને લગભગ બધાંજ મોટા શહેરમાં વસતી ધરાવે છે. સારા ધંધાઓ, શિક્ષણ કારકિર્દી ધરાવે છે. (જુઓ પગદંડીના માસિક અંક), આજે પણ એમની પેઢી - નવી પેઢી માં ૨-૩ બાળકો છે જ, જ્યારે આપણે ૧ થી શૂન્ય તરફ !

વર્ષે દહાડે લગભગ ૭૦૦ થી ૮૦૦ જેટલી ઘટતી જતી જન સંખ્યા આપણને ક્યાં લઈ જશે? કચ્છના ઘણા ગામોમાં વસતી ઘટતી જઇ રહી છે એ પણ આપણે નોધ્યું છે. તો આ બધી ધરોહર સમાન માલ મિલકતને અન્ય સંસ્થાઓ (જેમાં દેરાસર પણ સંકલિત થાય છે) ને કોણ સંભાળશે? અને આ પરિસ્થિતિને પહોંચી વળવા આપણે, સૌએ શું પગલા લેવાં જરૂરી છે? કોઈ આગળ આવશે? કે પછી !!!!

- **પદમકુમાર ધનજી નાગડા**, હુબલી
**(86607 82086)**

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઈનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

।। શ્રી અનંતનાથાય નમઃ ।।

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

Trust Reg. No.: 32088 (Mumbai)

: ADMINISTRATIVE OFFICE :

C/O. DOSTI REALTY LTD., LAWRENCE & MAYO HOUSE, 276, D. N. ROAD, FORT, MUMBAI - 400 001.

PHONE : 2219 8500 FAX : 2205 5566 E-MAIL : kdoclassic.foundation@gmail.com


## : ઑપરેશન અભિયાન :

**કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન જ્ઞાતિજનો માટે વિવિધ નિઃશુલ્ક (FREE) અભિયાન છેલ્લા ૨૦ વર્ષથી ચલાવે છે.**

કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન હવે ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે રવિવાર, તા. ૯મી જુન, ૨૦૧૯ થી નિઃશુલ્ક (FREE) (શરતો આધીન) ઓપરેશનની જાહેરાત કરે છે. આ ઓપરેશન સુપર સ્પેશીઆલીટી જુપીટર હૉસ્પિટલ, થાણા, ખાતે કરવામાં આવશે. નીચે દર્શાવેલ ઑપરેશનનો આ અભિયાનમાં હાલ સમાવેશ કરેલ છે. આ ઉપરાંત અન્ય ઑપરેશન અને બીજી તબીબી સેવા બદલ જુપીટર હૉસ્પિટલ, થાણે સાથે અમારી ચર્ચા ચાલુ છે. જેની માહિતી સમય સમય પર જ્ઞાતિજનોને આપતા રહીશું.

### : ઑપરેશનની યાદી :

૧. એન્જીઓગ્રાફી (Angiography)

૨. એન્જીઓપ્લાસ્ટી (Angioplasty) – એન્જીઓગ્રાફી કરી સ્ટેન્ટ (Stent) બેસાડવાનું ઑપરેશન

૩. ગોઠણના સાંધા બદલી (Knee Replacement) કરવાનો ઑપરેશન

૪. સ્તનના કેન્સર (Breast Cancer) ની ગાંઠ કાઢવાનું ઑપરેશન

૫. ગર્ભાશય (Uterus)નું ઑપરેશન

૬. સારણ ગાંઠ (Hernia)નું ઑપરેશન

૭. પિત્તાશય (Gall Bladder)નું ઑપરેશન

૮. એપેન્ડીક્સ (Appendix)નું ઑપરેશન

ઉપરોક્ત ઑપરેશન નીચેની શરતોને આધિન નિઃશુલ્ક (FREE) કરાવી આપવામાં આવશે.

### : શરતો :

૧. ફક્ત ક.દ.ઓ. જ્ઞાતિજનને જ આ સવલતો અપાશે.

૨. ઑપરેશન અભિયાન ફક્ત આર્થિક જરૂરીઆતમંદ ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે જ છે.

૩. સંપૂર્ણ કુટુંબની માસિક આવક રૂપિયા ૩૦,૦૦૦ કે તેથી ઓછી હોવી જોઈએ.

૪. કુટુંબનો મેડીકલ વીમો (Floating Medi Claim) કે વ્યક્તિગત મેડીકલ વીમો હોવો ન જોઈએ.

૫. ઑપરેશન અભિયાનમાં જ્ઞાતિજનને મલ્ટિ બેડ (Multi Bed) રૂમમાં રખાશે.

૬. ઑપરેશન પહેલાં જ્ઞાતિજને જુપીટર હૉસ્પિટલના એ રોગના ઑપરેશનના તજજ્ઞ (Specialist) ડૉકટરને મળી એમણે કહેલ ટેસ્ટ કરાવી એમની પાસેથી જ્ઞાતિજનની તબિયત ઑપરેશન યોગ્ય છે (FIT FOR OPERATION) એ સર્ટિફીકેટ મેળવી એ સર્ટિફીકેટ સાથે અમને અરજી કરવાની રહેશે.

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન KDO CLASSIC FOUNDATION

૭. ઉપરોક્ત કલમ : ૬ અનુસાર જ્ઞાતિજન તરફથી જુપીટર હૉસ્પિટલમાં ઑપરેશન કરાવવાની અરજી તથા જુપીટર હૉસ્પિટલના ડૉક્ટરનું જ્ઞાતિજનની તબિયત ઓપરેશન યોગ્ય છે (FIT FOR OPERATION) એ સર્ટિફીકેટ સાથે મળેથી જ્ઞાતિજન ઑપરેશન માટે જુપીટર હૉસ્પિટલમાં દાખલ થાય ત્યારે જ્ઞાતિજને ડૉક્ટરની કન્સલટેશન ફી તથા એમણે કરાવેલ ટેસ્ટનું જુપીટર હૉસ્પિટલને ભરેલ બીલ રજુ કરતા એ બીલ મુજબની રકમ જ્ઞાતિજન યા એમના કુટુંબને પાછી આપવામાં આવશે.

૮. જુપીટર હૉસ્પિટલમાં જ્ઞાતિજને ક્યા ડૉક્ટરને બતાવવાનું છે તે અમને ફોન કરી પૂછી લેવાનું રહેશે.

૯. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના ઑપરેશન અભિયાન હેઠળ જુપીટર હૉસ્પિટલ, થાણેમાં ઑપરેશન કરાવવું કે નહીં એનો નિર્ણય જ્ઞાતિજને સમજી વિચારી પોતે યા એમના કુટુંબીજનોએ પોતાની સંપૂર્ણ જવાબદારી પર લેવાનો છે. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની ફક્ત નાણાંકિય જવાબદારી રહેશે. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનની અન્ય કોઈ પણ જવાબદારી રહેશે નહીં.

૧૦. જ્ઞાતિજનનું ઓપરેશન કરાવી આપવું કે નહીં તેનો નિર્ણય કરવાની સત્તા કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓની રહેશે. એમણે લીધેલા નિર્ણયનો ખુલાસો આપવા ટ્રસ્ટીઓ બંધાયેલા રહેશે નહીં.

**: જ્ઞાતિ જોગ અપીલ :**

આપ સર્વ જ્ઞાતિજનોને વિદીત છે જે કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન છેલ્લા ૨૦ વર્ષોથી જ્ઞાતિજનો માટે નિયમીત વિવિધ નિઃશુલ્ક (FREE) અભિયાન ચલાવી રહ્યું છે. અત્યાર સુધી આ અભિયાનો ચલાવવા ફંડ માટે જ્ઞાતિ પાસે અમે આવ્યા નથી. ઑપરેશન અભિયાન શરૂ કરી કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન તબીબી ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. આ ઑપરેશન અભિયાન માટે બહુ મોટા ફંડની જરૂર રહેશે. અમારી સર્વ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે જે અમને શક્ય તે નાણાંકીય મદદ કરશોજી... આપના કુટુંબના સારા પ્રસંગોએ કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશનને યાદ કરી ફાઉન્ડેશનને આ ઉમદા કાર્યમાં મદદ કરશોજી. કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન પાસે 80-G (No.: CIT(E)/80G/2462/2017-18) સર્ટીફિકેટ છે.

**: BANK DETAILS :**

| | |
|---|---|
| NAME | : KDO CLASSIC FOUNDATION |
| BANK | : SHRI ARIHANT CO-OP. BANK LIMITED. |
| BRANCH | : MULUND (WEST), MUMBAI |
| ACCOUNT NO. | : 002001006986 |
| IFSC CODE | : ICICI00ARIHT (ICICI Zero Zero) |

આપ અમારા ખાતામાં રકમ જમા કરાવો તો એની માહિતી શ્રી મણિકાંત હીરજી ધુલ્લાને આપશોજી તથા રસીદ કોના નામથી બનાવવી છે તે પણ જણાવશોજી.

**: સંપર્ક :**

**શ્રી મણિકાંત હીરજી ધુલ્લા**
**MOB.: 98201 41919**
**E-MAIL :** kashmira@pratapxlnc.com
**સમય :** માહિતી મેળવવા ફક્ત સવારના ૧૦ થી ૧૨
**ઈમરજન્સી :** ૨૪ કલાક

**શ્રીમતી તેજલબેન રાજેશ શાહ**
**MOB.: 98209 53425**
**E-MAIL :** tejal@dostirealty.com
**સમય :** માહિતી મેળવવા ફક્ત સવારના ૧૦ થી ૧૨
**ઈમરજન્સી :** ૨૪ કલાક



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

**વર્ષ દરમ્યાન રૂા. ૫૦,૦૦૦/- અને તેથી વધારે દાન/ભેટ આપનાર દાતાઓ :**

**વર્ષ ૨૦૧૭ ( ૨ જી યાદી) :**

૧) રૂા. ૧,૪૦,૦૦૦/- NRIs અમેરિકા. (શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન, મુંબઈ, મારફત). - ૨) રૂા. ૫૦,૦૦૦/- શ્રી હીન્દુ વૈષ્ણવ ટેમ્પલ, સલાલા, ઓમાન.

**વર્ષ ૨૦૧૮ :**

૧) રૂા. ૨,૦૦,૦૦૦/- શેઠ ભૂપેન્દ્ર મેઘજી ભેદા પરિવાર, વારાપધર, માટુંગા, મુંબઈ. (૧) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી હંસાબેન ભૂપેન્દ્ર ભેદા. (૨) રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી ભૂપેન્દ્ર મેઘજી ભેદા. - ૨) રૂા. ૧,૨૫,૦૦૦/- શેઠ નરસી નાથા ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ. - ૩) રૂા. ૧,૨૫,૦૦૦/- પ.પૂ. ગુરૂ મૈયા શાંત મૂર્તિ સાધ્વી શ્રી મહોદયશ્રીજી મ.સા. તેમજ જખૌ રત્ના પૂ.સાધ્વી શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.ના દીર્ઘ સંયમ જીવનની અનુમોદના અર્થે પૂ.સા.શ્રી યશોદયાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી (૧) રૂા. ૧,૦૦,૦૦૦/- વિવિધ દાતાઓ. (૨) રૂા. ૨૫,૦૦૦/- શ્રી વશનજી ધારસી મોમાયા પરિવાર, જખૌ. - ૪) રૂા. ૧,૧૧,૧૧૧/- માતુશ્રી સોનબાઇ વિશનજી ખીમજી મૈશેરી પરિવાર, જખૌવાલા. સ્વ. પુત્રી જયાબેન રતિલાલ દેઢિયા, કચ્છ બિદડાની ત્રિતિય પુણ્ય તીથી નિમિત્તે. - ૫) રૂા. ૧,૦૦,૦૦૦/- માતુશ્રી રમીલાબેન કીશોર નાગડા, જખૌ, મુલુંડ. હા. ચેતન કીશોર નાગડા. - ૬) રૂા. ૮૦,૦૦૦/- શ્રી શાન્તિનાથ દેરાસર, લોનાવલા. - ૭) રૂા. ૭૫,૦૦૦/- NRIs અમેરિકા,( શ્રી કચ્છ જૈન ફાઉન્ડેશન મારફત) - ૮) રૂા. ૫૭,૦૦૦/- શ્રી વસંતભાઈ કરમસી વીકમસી જખૌ, દાદર. (૧) રૂા. ૨૫,૦૦૦/- માતુશ્રી કસ્તુરીબાઇ કરમસી વીકમસી, અને (૨) રૂા. ૨૫,૦૦૦/- હેમલતા વસંતભાઈ વીકમસી ના સ્મરણાર્થે. (૩) રૂા. ૭,૦૦૦/- નિભાવ ભેટ. - ૯) રૂા. ૫૫,૪૯૬/- જૈન ટેમ્પલ ઓફ ન્યુયોર્ક, અમેરિકા. (કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન, ભૂજ મારફત). - ૧૦) રૂા. ૫૧,૧૨૯/- શ્રી જખૌ જૈન જીવદયા પ્રેમી ગ્રુપ. - ૧૧) રૂા. ૫૧,૦૦૦/- શ્રી જીતેન ભરત મૈશેરી, જખૌ, ડોમ્બિવલી. - ૧૨) રૂા. ૫૧,૦૦૦/- શ્રી કચ્છી દશા ઓશવાલ મહાજન, હુબલી, કર્ણાટક. - ૧૩) રૂા. ૫૧,૦૦૦/- શેઠ અશ્વિન પ્રાણલાલ પંચમીઆ, શીવ, મુંબઈ. - ૧૪) રૂા. ૫૦,૦૦૦/- શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ખાતા નું ટ્રસ્ટ, મુંબઈ. - ૧૫) રૂા. ૫૦,૦૦૦/- શ્રી વર્ધમાન સંસ્કાર ધામ, મુંબઈ. - ૧૬) રૂા. ૫૦,૦૦૦/- શ્રી કોઇમ્બતુર મૂર્તિ પૂજક શ્વેતામ્બર જૈન સંઘ, કોઇમ્બતુર, તામિલનાડુ.

**ભેટ :** ૧. શ્રી રાઘવજી લાલજી સતરા, ગુન્દાલા, જલગામ મારફત, (૧) જુવાર વતરો બાચકા ૧૦૦ કીલો ૫,૦૦૦. રૂા. ૫૦,૦૦૦/- (અંદાજ), (૨) ડાન્ગર પડાર કીલો ૫,૪૦૦. રૂા. ૨૫,૦૦૦/- (અંદાજ). કુલ રૂા. ૭૫,૦૦૦/-. - ૨. શેઠ શામજી ભવાનજી જવેરી, જખૌ, મુંબઈ, - (૧) ભુસો ગણી ૫૦ રૂા. ૪૨,૦૦૦/-, (૨) જુવાર ચારો મણ ૭૪ રૂા. ૮,૫૧૦/- . કુલ રૂા. ૫૦,૫૧૦/-.

**વિષેશ નોંધ :** ઉપરોક્ત દાન/ભેટ ની વિગતની ગ્રેનાઇટની તક્તી પાંજરાપોળ માં યોગ્ય સ્થળે લગાડવામાં આવશે.

**નિભાવ સહાય વિજ્ઞપ્તિ ને અનુલક્ષીને નીચે મુજબ દાન ભેટ દાતાઓ દ્વારા મળેલ છે.**

